# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૪/૪/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## ચેમ્બરમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસરોએ વિદ્યાર્થીઓને ઇન્ટીગ્રેટેડ કોર્સ વિશે માર્ગદર્શન આપ્યુ

સુરત. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બાદ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર વિશેની મૂંઝવણોને દૂર કરવાના હેતુથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા 'કેરીયર ગાઇડન્સ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યુ છે. મહોત્સવના ચોથા દિવસે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિવિધ વિભાગોના પ્રોફેસરો દ્વારા યુનિવર્સિટીમાં જુદી–જુદી સ્ટ્રીમમાં ચાલતા ઇન્ટીગ્રેટેડ કોર્સ વિશે માહિતી આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરુ પાડવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખશ્રી હેતલ મહેતાએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓને જણાવ્યુ હતુ કે, જે ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી છે તે ક્ષેત્રમાં જવા માટે અત્યારથી જ પ્રયાસ કરશો તો જ ગમતા ક્ષેત્રમાં સફળ થઇ શકાશે. કેરીયર બનાવવાની તક ચૂકી જઇએ તો ભવિષ્યમાં આખુ જીવન બદલાઇ જાય છે.

કોમ્પ્યુટર સાયન્સ વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડો. અપૂર્વ દેસાઇએ યુનિવર્સિટી વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી જુદા–જુદા બાર ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓને ડીગ્રી અને ડિપ્લોમા પ્રોવાઇડ કરે છે. ૨૫ જેટલા વિભાગો યુનિવર્સિટી કેમ્પસમાં છે અને ૨૨૫ જેટલી કોલેજો યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. યુનિવર્સિટીમાં આઇએએસ, આઇએફએસ, આઇપીએસ અને આઇઆરએસ બનવા માગતા વિદ્યાર્થીઓ માટે પણ યુપીએસસી કોચિંગ ક્લાસિસ ડેવલપ કરવામાં આવ્યા છે.

બાયોટેકનોલોજી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર તેમજ કો–ઓર્ડીનેટર ડો. ગૌરવ શાહે જણાવ્યુ હતુ કે યુનિવર્સિટીમાં એમ.એસસી. ઇન્ટીગ્રેટેડ બાયોટેકનોલોજી કરી શકાય છે. ધોરણ બાર પછી ડયુલ ડીગ્રી છે. જેમાં મેરીટને આધારે જ પ્રવેશ મળે છે. આના માટે ઓનલાઇન ફોર્મ ભરવાનો હોય છે. બાયોટેકનોલોજી સાથે માસ્ટર કર્યા બાદ એકેડેમીક થઇ શકાય છે. દેશમાં ૧૭ જેટલા નેશનલ રિસર્ચ સેન્ટરમાં સાયન્ટીસ્ટ થઇ શકાય છે.

ઇન્ફોર્મેશન સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના કો–ઓર્ડીનેટર ડો. પુષ્પલ દેસાઇએ યુનિવર્સિટીમાં ચાલતા બી.એસસી. (આઇટી), બીસીએ, બી.એસસી. (કોમર્સ–સાયન્સ), બીઇ, એમસીએ અને એમ.એસસી. (આઇટી) કોર્સ વિશે માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને સોફટવેરના ટૂલ્સ અને પ્રેકટીકલ સાથે ભણાવવામાં આવે છે.

આર્કિટેકચર વિભાગના કો–ઓર્ડીનેટર શ્રી મેહુલ પટેલે ફાઇન આર્ટ્સ અને ઇન્ટીરીયર ડિઝાઇનીગના કોર્સ વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે કહયુ હતુ કે ફાઇન આર્ટ્સ અને ઇન્ટીરીયર ડિઝાઇનીગનો ચાર વર્ષનો કોર્સ હોય છે. આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી આનંદ કાપડીયાએ કહયુ હતુ કે આર્કિટેકચર માટે સાયન્સ અને મેથેમેટીકસ સાથે ધોરણ બારમાં ૫૦ ટકા માર્કસ હોવા જોઇએ. ત્યારબાદ નાટાની એન્ટ્રન્સ ટેસ્ટ આપવાની હોય છે. આર્કિટેકચર બનવા માટે ક્રિએટીવિટીની જરૂર હોય છે.

કાયદા વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર સુશ્રી ટ્વીન્કલ દેસાઇએ જણાવ્યુ હતુ કે ધોરણ બાર બાદ સામાન્યપણે વિદ્યાર્થીને ગ્રેજયુએશન માટે ત્રણ વર્ષ લાગે છે અને ત્યારબાદ એલએલબી કરવું હોય તો બીજા ત્રણ વર્ષ લાગે છે. એમ વિદ્યાર્થી છ વર્ષ બાદ એલએલબી થાય છે. પરંતુ યુનિવર્સિટીમાં બીએએલએલબી અને બીકોમએલએલબીનો ઇન્ટીગ્રેટેડ કોર્સ ચાલે છે. જેમાં વિદ્યાર્થી ધોરણ બાર બાદ પાંચ વર્ષમાં જ એલએલબી થઇ જાય છે અને એક વર્ષ બચાવી શકે છે. ટીચિંગ આસિસ્ટન્ટ ડો. યશોધરા ભટ્ટે પણ વિદ્યાર્થીઓને કાયદાના કોર્સ વિશે માહિતી આપી હતી.

હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. પ્રિતી દેસાઇએ એચઆરડીના કોર્સ વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે હવે દરેક કંપની કે સંસ્થામાં એચઆર મેનેજરની જરૂર છે. આથી ધોરણ બાર બાદ વિદ્યાર્થી આ યુનિવર્સિટીમાંથી પાંચ વર્ષના ઇન્ટીગ્રેટેડ કોર્સ સાથે એચઆરડીમાં સ્નાતક થઇ શકે છે.

આજના સેશનમાં ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી નિખિલ મદ્રાસીએ પ્રાસંગિક વિધી કરી હતી. યુનિવર્સિટીના પ્રોફેસરોએ વિદ્યાર્થીઓ અને વાલીઓના સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ કેરીયર ગાઈડન્સ મહોત્સવના ચોથા દિવસનું સમાપન થયુ હતુ.